E.C


**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા**

# કચ્છ યુનિવર્સિટી

**મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.** **ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧**

**ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧**

**ઈમેઈલ-info@kskvkachchhuniversity.org** **વેબ-kskvkachchhuniversity.org**


ક.યુ./ઇ.સી./મિનિટ્સ/૦૨જી ફેબ્રુઆરી/૨૦૨૧/ ૩૧૬૯ તા:૨૪/૦૨/૨૦૨૧

પ્રતિ,
તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય :** **તા.૦૨/૦૨/૨૦૨૧ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટ્સ નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા:૦૨/૦૨/૨૦૨૧ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

25/2/21

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

બિડાણ:- મીનીટ્સ નોંધ.

**નકલ સવિનય રવાના:-** માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા. ૦૨જી ફેબ્રુઆરી–૨૦૨૧ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

તા. ૦૨જી ફેબ્રુઆરી–૨૦૨૧ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. આ સભામાં નીચે મુજબના એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| પ્રો.(ડો.) જયરાજસિંહ.ડી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| પ્રો.(ડો.) પી.એસ.હિરાણી<br>ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.કાશ્મીરા પી.મહેતા<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ, આદિપુર–કચ્છ.. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. પરેશ રાવલ<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાપર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| પ્રો.(ડો.) વિજય વ્યાસ<br>પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. આર.વી.બસીયા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી ભવન,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ડો. આર.વી.બસીયા<br>કાર્યકારી કુલસચિવશ્રી,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |



ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

## –મુદાઓ –

૧. ગત તા.૦૨/૦૧/૨૦૨૧ રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભાની મિનિટ્સ નોધનું વાંચન અને બહાલી.

**ઠરાવઃ– ૧.** **ગત તા.૦૨/૦૧/૨૦૨૧ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભાની મિનિટ્સ નોંધનું વાંચન બાદ ઠરાવ નંબર ૦૮માં મેડિકલની પરીક્ષા માટે આવતા પરીક્ષકોના રોકાણ અન્વયે હોટેલના હાલના વર્તમાન દર રૂ.૧૮૦૦/– + જીએસટી યથાવત રાખવાના શાબ્દિક સુધારા સાથે બહાલ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨. કેમેસ્ટ્રી વિભાગ ખાતે ચાલતા વુમન સાયન્ટીસ્ટ સ્કીમ–એ (WOMEN SCIENTIST SCHEME A (WOS-A)) પ્રોજેક્ટની ગ્રાન્ટના ચૂકવણા બાબત.

**ઠરાવઃ– ૨.** **કેમેસ્ટ્રી વિભાગ ખાતે ચાલતા વુમન સાયન્ટીસ્ટ સ્કીમ–એ (WOMEN SCIENTIST SCHEME A (WOS-A)) પ્રોજેક્ટની ગ્રાન્ટની રકમના ચુકવણા અન્વયે ડિપાર્ટમેન્ટની જરૂરીયાત મુજબની રકમ ફાળવવાની સત્તા મા.કુલપતિશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. જોડાણ શાખાની રજૂઆત બાબત.

૧. વર્ષ ૨૦૨૧–૨૨ના નવા વિષય, નવા વર્ગ અને નવા જોડાણ અંગે નીડ કમિટીની રચનાને બહાલી આપવા બાબત.

**ઠરાવઃ– ૩/૧.** **વર્ષ ૨૦૨૧–૨૨ના નવા વિષય, નવા વર્ગ અને નવા જોડાણ અંગે રચાયેલ નીડ કમિટીને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨. વર્ષ ૨૦૨૧–૨૨માં ચાલુ/વધારાના/નવા જોડાણની એલ.આઇ.સી. કરવા બાબત.

**ઠરાવઃ– ૩/૨.** **વર્ષ ૨૦૨૧–૨૨માં ચાલુ/વધારાના/નવા જોડાણની એલ.આઇ.સી. કમિટી રચવાની સત્તા મા.કુલપતિશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. વર્ષ ૨૦૧૯–૨૦ અને વર્ષ ૨૦૨૦–૨૧માં નવા/ચાલુ /વધારાના જોડાણ જાહેરનામા સરકારશ્રીમાંથી મંગાવવા અંગે.

**ઠરાવઃ– ૩/૩.** **વર્ષ ૨૦૧૯–૨૦ અને વર્ષ ૨૦૨૦–૨૧માં નવા/ ચાલુ / વધારાના જોડાણ જાહેરનામા સંબંધિ કામગીરી અને સરકારશ્રી માંથી આવેલ પૂર્તતા સત્વરે પૂર્ણ કરી આગળની કાર્યવાહી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોએ અત્રે સંસ્થાના નામમાં સુધારો કરવા અત્રે અરજી કરેલ છે જે સુધારો કરવાની દરખાસ્તને બહાલી આપવા બાબત.

**ઠરાવઃ– ૩/૪.** **યુનિવર્સિટી સંલગ્ન નીચે મુજબની સ્વનિર્ભર કોલેજો અત્રે**

સંસ્થાના નામમાં સુધારો કરવા અત્રે અરજી કરેલ છે જે સુધારો કરવાની દરખાસ્તને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.

| ક્રમ નં. | સંસ્થાનું હાલનું નામ | સંસ્થાનું નવું નામ |
|---|---|---|
| ૦૧ | એચ.જે.ડી.સાયન્સ કોલેજ–કેરા. | એચ.જે.ડી. ઈન્સ્ટીટયુટ–કેરા. |
| ૦૨ | તોલાણી ઈન્સ્ટીટયુટ ઓફ લો –આદીપુર. | તોલાણી મોટવાની ઈન્સ્ટીટયુટ ઓફ લો–આદીપુર. |
| ૦૩ | શ્રી રાજાભાઇ પી.પટેલ કોમર્સ કોલેજ–અંજાર. | શ્રી રાજાભાઇ પી.પટેલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ–અંજાર. |
| ૦૪ | સ્વામી ઘનશ્યામ જીવનદાસજી ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આઇ.ટી.–કોડાય. | સ્વામી ઘનશ્યામ જીવનદાસજી કોલેજ–કોડાય. |

૫.વર્ષ ૨૦૨૦–૨૧માં નવી તથા સંલગ્ન કોલેજોમાં નવા અભ્યાસક્રમ શરૂ થયેલા છે જેની બહાલી આપી યુનિવર્સિટી પોર્ટલ પર તેમના નામ અપડેટ કરાવવા અંગે.

ઠરાવઃ– ૩/૫. વર્ષ ૨૦૨૦–૨૧માં નીચે મુજબની નવી તથા સંલગ્ન કોલેજોમાં નવા અભ્યાસક્રમ શરૂ થયેલા છે તેને બહાલ રાખી અને યુનિવર્સિટી પોર્ટલ પર તેમના નામ અપડેટ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ નં. | સંસ્થા/કોલેજનું નામ |
|---|---|
| ૦૧ | શ્રી કચ્છ મચ્છોયા આહિર સમાજ સંચાલિત સૂચિત શ્રી તેજાભાઇ મેમાભાઇ આહિર એન્ડ શ્રી સુરાભાઇ દેવાભાઇ આહિર મહિલા કોલેજ–આદીપુર. |
| ૦૨ | સ્વ.કાનજી કરશન હાલાઇ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એચ.જે.ડી. ઈન્સ્ટીટયુટ–કેરા. |
| ૦૩ | સ્વામિનારાયણ સર્વોદય ટ્રસ્ટ સંચાલિત સ્વામી ઘનશ્યામ જીવનદાસજી કોલેજ, શ્રી સ્વામિનારાયણ ગુરૂકૂળ–કોડાય. |

૬. પી.જી.માન્યતાના નિયમોમાં જરૂરી સુધારા તથા ફેરફાર કરવા અંગે.

ઠરાવઃ– ૩/૬. પી.જી.માન્યતાના નિયમોમાં જરૂરી સુધારા તથા ફેરફાર કરવા અન્વયે નીચે મુજબની સમિતિની રચના કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ નં. | સભ્યશ્રીઓનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | પ્રો.(ડૉ.) પી.એસ.હિરાણી | અધ્યક્ષશ્રી |
| ૦૨ | ડૉ.જી.એ.બક્ષી | સભ્યશ્રી |
| ૦૩ | ડૉ.કે.એમ.ત્રિવેદી | સભ્યશ્રી |

૪. યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર,ભુજને મોડલ કેરીયર સેન્ટર માટે જગ્યા ફાળવણી બાબત.

ઠરાવઃ–૪. યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર,ભુજને મોડલ કેરીયર સેન્ટર માટે જગ્યા ફાળવણી અન્વયે હાલ જે બેઠક વ્યવસ્થા છે ત્યાં જ યથાવત રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫. શ્રી મેઘુભા સોઢાના પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા અંગેના હાઇકોર્ટના કેસ નંબર ૨૨૬૫૨ ઓફ ૨૦૧૯ના વકીલશ્રી ઇન્દ્રવંદન પરમારને સોપેલ કેસ બાબત.

ઠરાવઃ–૫. શ્રી મેઘુભા સોઢાના પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા અંગેના હાઇકોર્ટના કેસ નંબર ૨૨૬૫૨ ઓફ ૨૦૧૯ના વકીલશ્રી ઇન્દ્રવંદન પરમારને સોપેલ કેસ અન્વયે કેસ સોપણીને માન્ય રાખી તા.૧૭/૧૦/૨૦૧૯ના રોજની બી.યુ.ટી.આર.ના ઠરાવને ધ્યાને આગળની કાર્યવાહી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૬. બી.સી.એ. ૨૦૧૧ની ઓલ્ડ કોર્ષ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પરીક્ષાની એક તક આપવા બાબત.

ઠરાવઃ–૬. બી.સી.એ. ૨૦૧૧ની ઓલ્ડ કોર્ષ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પરીક્ષાની એક તક આપવા અન્વયે વિદ્યાર્થી પાસેથી એફિડેવિટ સાથે રૂા. ૨,૦૦૦/– ફી લઇ માત્ર એક પરીક્ષા સેન્ટર રાખી અંતિમ તક આપી કોર્ષ બંધ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે....

૭. પરીક્ષાના મહેનતાણા બાબત.

ઠરાવઃ–૭. કોવિડ–૧૯ની પરીસ્થિતીને ધ્યાને લઇ પરીક્ષા સબંધિ કામગીરીના મહેનતાણાના તમામ દર કચ્છ યુનિવર્સિટીના પરીપત્રઃ ૩૦/૧૫–૧૬, તાઃ૧૬/૦૨/૨૦૧૬ મુજબ યથાવત રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતા અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓનો આભાર માની સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ(ઇ.ચા.)

નકલ સવિનય રવાનાઃ– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.